# ધાનેરાની દેના બેન્ક મેનેજરના ઉદ્ધતાઈભર્યા વર્તનથી લોકો ત્રાહિમામ

## લગતા વળગતા અધિકારીઓ કાર્યવાહી નહિ કરે તો અમે બેન્કને તાળા મારીશું

ધાનેરા ની દેના બેન્ક માં દિવસે ને દિવસે લોકો ની મુશ્કેલી માં વધારો થતો જોવા મળી રહ્યો છે આટલી જ નહિ પણ ફાટીને ધુમાડે ગયેલા દેનાબેંક ના હિન્દી ભાષી સ્ટાફ ગરીબ અને ભોળા ખેડૂતો ને હડધૂત કરી બેન્ક માંથી કાઢી મૂકે ત્યારે હવે ધાનેરા ની જનતા જાગી છે અને કહી રહી છે કે લગતા વળગતા અધિકારીઓ આ બાબતે તાપસ કરી કાર્યવાહી કરે નહિ તો અમે બેન્ક ને તાળા મારીશું.

ધાનેરા માં આવેલી દેના બેન્ક ની અસુવિધા થી લોકો રાહિમામ પોકારી ઉઠ્યા છે આટલીજ નહિ પણ લોકો વારંવાર ધક્કા ખાવા છતાં પણ લોકો નું કામ થતું નથી અને લોકો ભારે હેરાન થઈ રહ્યા છે લોકો બેન્ક ના મેનેજર નર અજુઆત કરવા જાય તો મેનેજર પણ લોકો ને હડધૂત કરી પટ્ટાવાળા ને બોલાવી લોકોને ધક્કા મારી બહાર કઢાવે છે ધાનેરા વિસ્તાર ની ગરીબ અને ભોળી પ્રજા ને સારું ગુજરાતી પણ બોલતા નથી આવડતું ત્યારે આ હિન્દીભાષી બેન્ક નો સ્ટાફ ગરીબ પ્રજાની મજાક ઉડાવે છે અને તેમને હેરાન કરે છે માટે લોકો કહી રહ્યા છે લગતા વળગતા અધિકારીઓ આ બાબતે તાપસ કરે અને આવા સ્ટાફ સાથે કાયદેસર ની કાર્યવાહી કરે નહીંતર આવનાર સમય માં અમે ધાનેરા ની દેનાબેંક ને તાળા મારી ભારે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. હવે જો મહત્વ ની વાત કરવામાં આવે તો અત્યારે ધાનેરા માં ચોરે ને ચૌટે એકજ વાત સાંભળવા મળી રહી છે કે ધાનેરા ના ખેડૂતો જયારે પાક ધિરાણ કે લોન માટે બેન્ક માં જાય છે ત્યારે આ મેનેજર લોકોને ધુત્કારી કાઢી મૂકે છે અને તેમનું કામ પણ નથી કરતો ત્યારે બીજા લોકો બેન્ક ના દલાલો ને સહે રાખી બેન્ક માં જાય છે ત્યારે આ મેનેજર બેન્ક ના બંધ સમયે પણ લોકો ની લોન તેમજ પાક ધિરાણ તાત્કાલિક પાસ કરી આપે છે લોકો તો એવું પણ કહી રહ્યા છે કે બેન્ક મેનેજર અને દલાલો વચ્ચે મોટું સેટિંગ ચાલી રહ્યું છે દલાલો લોન તેમજ પાક ધિરાણ પાસ કરાવવા માટે ખેડૂતો પાસેથી ટકાવારી લઈ મોટી રકમ પડાવી લે છે અને તે રકમ માંથી થોડો હિસ્સો મેનેજર સુધી પણ પહોંચાડવામાં આવે છે માટે જો લગતા વળગતા અધિકારી આ બાબતે તટસ્થ તાપસ કરે તો મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે લોકો તો બીજું પણ જણાવી રહ્યા છે કે આ મેનેજરે કરેલી કામગીરી ની ઈન્કવાયરી કરવામાં આવે તો પણ મોટો પર્દાફાશ થાય તેમ છે આ મેનેજરે નોટ બંધી દરમ્યાન કરેલી કામગીરી ની સરકાર શ્રી તાપસ કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે હવે જોવાનું એ રહે છે આ મેનેજર સામે કાર્યવાહી કરવામાં આવે છે કે પછી લોકો ધ્વરા બેન્ક ને તાળા બાંધી કરવામાં આવે છે તે તો આવનારો સમય જ બતાવશે.



## મુક્તિધામ ખાતે ડાઘુઓને 'પક્ષી-ઘરની'ની ભેટ

ગાંધીનગરના મુક્તિધામ સ્મશાન ખાતે જુસિકા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં ખાસ કરીને પ્રકૃતિ તથા કરૂણા કેન્દ્ર સ્થાને હોય છે. હાલ મુક્તિધામ ખાતે જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા સ્મશાનમાં અંતિમક્રિયા માટે આવતા ડાઘુઓને માટીના બનાવેલા પક્ષીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઉનાળાના પ્રારંભના સમયે ચકલી જેવા નાના પંખીઓ માળો બાંધવા સલામત જગ્યાની પસંદગી કરતા હોય છે. ત્યારે આ માટીના પક્ષીઘર તેમના માટે આશિર્વાદરૂપ સાબિત થાય છે. મુક્તિધામ ખાતે અનેક પ્રકારના પક્ષીઓ તથા સસલા જેવા પ્રાણીઓનું જતન કરાઈ રહ્યું છે તેમજ અહીંના નૈસર્ગિક નયનરમ્ય સંકુલમાં અસંખ્ય જાતના પક્ષીઓ કુદરતી રીતે નિવાસ કરી રહ્યાં છે.

# ખેડબ્રહ્મા પોલીસે ઝડપેલા બાઈક ચોરોએ ૯ ગુન્હા કબુલ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકામાં થતી વાહનચોરીઓને પગલે પોલીસે સઘન ચેકીંગ સાથે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતુ. જેમાં પોલીસે બે બાઈક ચોરોને ઝડપી તપાસ કરતાં ૯ ગુન્હા કબુલતા બાઈકો રીકવર કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકામાંથી ચોરાયેલ બાઈકો માટે પેટ્રોલીંગ કરતી પોલીસ કોટડા ગઢી પાસેથી ટાઢીવેડી ગામના બે ઈસમો કાન્તીભાઈ નેનાભાઈ સોલંકી તથા ગોવિંદભાઈ વાલાભાઈ ચૌધરીને બાઈક નં. જીજે૯.સીડી.૩૯૮૫ સાથે ઝડપી પાડ્યા હતા. જેમને કોર્ટમાં રજુ કરતા કોર્ટે એક દિવસના રીમાન્ડ આપ્યા હતા. જે રીમાન્ડ દરમ્યાન પોલીસે તપાસ કરતા બન્ને જણાએ ખેડબ્રહ્મામાંથી સાત બાઈક તથા પોશીના અને પાલનપુર ખાતેથી એક એક બાઈક ચોર્યા હોવાનું કબુલ્યુ હતુ.

# કાંકરેજના મુખ્યમથકમાં બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતી નિમિત્તે શોભાયાત્રા નીકળી





કાંકરેજ, તા. ૧૪

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજના મુખ્ય મથક શિહોરી ખાતે ૧૨૬મી બાબા આંબેડકરની જન્મ જયંતીની શાનદાર ઉજવણી સાથે શોભાયાત્રા નીકળી હતી અને તાલુકા પંચાયતથી પાટણનાળા સુધી બગી-બેન્ડ-ઢોલ સરણાઈ સાથે રેલી યોજાઈ હતી. ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ આપવા કાંકરેજ ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરા, થરા એ.પી.એમ.સી. ચેરમેન અણદાભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ, હંસપુરી ગૌસ્વામી, અશ્વીનભાઈ શાહ, અણદુભા ડાભી, કિશોરભાઈ, ભારતસિંહ ભટેસરીયા, અમરતલાલ ઠાકર અને નવનિયુક્ત ભારત સરકારના નોટરી મહેશકુમાર મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે તાલુકા પંચાયત કચેરીના પટાંગણમાં દલિત અગ્રણી રત્નાભાઈ ચંચાણી, શારદાબેન ચંચાણી, વાલાભાઈ, રેવાભાઈ, વાઘાભાઈ, મઘાભાઈ, કમાભાઈ, બાબુભાઈ, તા.વિ.અ. કાંકરેજ એચ.કે. હરાણી, મામલતદાર કાંકરેજ આર.ટી. કટારા, રતીલાલ અને કોંગ્રેસ તાલુકા પ્રમુખ દિનેશભાઈ ઠક્કર સહિતે આંબેડકર જન્મ જયંતી નિમિત્તે દિપ પ્રાગટ્ય કરી ફૂલહાલ કર્યા હતા. જો કે કાંકરેજમાંથી વિશાળ સંખ્યામાં દલિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ૨૫ નવા કર્મચારીઓ જેવા કે પીએસઆઈ પોલીસ, આરોગ્ય, ઉદ્યોગ, ઓડિટર સહિતની પોસ્ટીંગવાળાને સિલ્ડ અને ફૂલહારથી સન્માનિત કરાયા હતા. જ્યારે નવા ચૂંટાયેલ સરપંચ ઝાવમોર ગ્રા.પં.ના કમુબેન જયંતીભાઈ ડાભાણી સહિત ૫ સરપંચ અને એડવોકેટ ઓફ નોટરી, મહેશ મકવાણાને સન્માનિત કરાયા હતા અને 'બાબાસાહેબ અમર રહોના નારા સાથે સમગ્ર પરિષર ભાવવિભોર બનવા પામ્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન વાલાભાઈ પરમારે કર્યુ હતુ. જ્યારે આભારવિધિ રત્નાભાઈ ચંચાણીએ કરી હતી અને દરેક નાગરીકનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ કાંકરેજ તાલુકામાં નાત-જાત-ભેદભાવ વગર બિન રાજકિય રીતે ડૉ. આંબેડકરન ૧૨૬મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઈ હતી.

# ખેડબ્રહ્મા દેનાબેંકની લાલીયાવાડી સામે આક્રોશ

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા શહેરમાં આવેલી દેનાબેંકની બ્રાંચમાં કર્મચારીઓ સામે અવાર-નવાર કામગીરીને લઈ ફરીયાદો ઉઠી છે ત્યારે સોમવારે નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ અને એક સ્ટાફ વચ્ચે તુતુ-મેમે થઈ હતી.

ખેડબ્રહ્મા સરદાર પટેલ રોડ પર આવેલ દેનાબેંકની બ્રાન્ચમાં સોમવાર બપોરે નગરપાલીકાના સફાઈ કર્મચારીઓ પોતાના પગાર ઉપાડવા માટે ગયેલ હતા. પરંતુ તેમના ખાતામાં પગાર પડ્યો જ ન હતો. ૬ તારીખે પડતો પગાર ૧૦ તારીખ સુધી ન પડતા સફાઈ કર્મચારીઓ રોષે ભરાયા હતા. નગરપાલીકા દ્વારા સ્ટાફનો પગાર ૬ તારીખે દેનાબેંકના ખાતામાં નાખવા માટે ચેક નાખી દીધેલ હતો. જે ચેક ચાર દિવસ સુધી ક્લીયર કરવામાં આવેલ ન હતો.

નગરપાલિકાના કેટલાક કર્મચારીઓના ખાતા અન્ય બેંકમાં હોવા છતાં તે બેંકમાંથી દેનાબેંકમાં ચેક આવી ક્લીયર થઈ ગયા હતા અને દેનાબેંકમાં જ ખાતા ધરાવતા કર્મચારીઓના ખાતામાં પગાર ન પડતા કર્મચારીઓ રોષે ભરાયા હતા.

નગરપાલીકાના વિરેન્દ્રસિંહ, ભરતભાઈ વિગેરેએ સફાઈ કર્મચારીઓના પગાર વિશે અધિકારીને પુછતા ટેકનીકલ ખામીઓ હોવાનુ જણાવી ચેક ક્લીયર નથી થયો તેવા જવાબ આપી દીધા હતા. જેથી દેના બેંકના ખાડે ગયેલ વહીવટના કારણે નગરપાલીકાના કર્મચારીઓએ પોતાના પગાર ઉપાડી ખાતા બંધ કરાવી અન્ય બેંકમાં ખાતા ખોલાવાનો નિર્ણય કર્યો હતો.

દેનાબેંકના કર્મચારીઓ દ્વારા અવારનવાર લોકો જોડે ઉદ્ધત વર્તન કરતા હોવાનું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે.

## આ પણ વાંચીએ...

### રેશમી દોરાઓથી લપેટાયેલુ અનોખુ વૃક્ષ

કેટલાક વૃક્ષો ખુબ સુંદર હોય છે તો કેટલાક વૃક્ષો ખુબ જ ભય પમાડે છે. જાણીતા ફોટોગ્રાફર થોમસ મારેન્ટ તેના મિત્ર સાથે તાજેતરમાં ફરવા નીકળ્યા ત્યારે આ વૃક્ષ જોઈ



અચંબિત થઈ ગયા હતા. આ વૃક્ષના એક પણ પાના જીવંત નથી. પરંતુ તેના પર રેશમના કીડાઓએ સામ્રાજ્ય જમાવી દીધુ છે. રેશમના કીડાઓએ પોતાની લારથી આખા વૃક્ષને લપેટી લીધુ છે.

### વૃક્ષમાંથી બીયર નીકળતા થયો જમાવડો

વૃક્ષમાંથી ફળ, ફૂલ અને શાકભાજી મળે છે તે આપણે જાણીએ છીએ, પરંતુ વૃક્ષમાંથી બીયર નીકળે છે તે જાણી ચોક્કસ આશ્ચર્ય થાય. દિલ્હીના નોર્થ



કેમ્પસમાં લાગેલા લીમડાના ઝાડમાંથી બીયર જેવા સ્વાદવાળો પદાર્થ નીકળી રહ્યો છે. જેનાથી નશો પણ થાય છે, દિલ્હી વિશ્વ વિદ્યાલયમાં તે હોવાથી તેને જોવા ભારે ભીડ જામે છે.

# ખેડબ્રહ્મા પોલીસે દારૂ ભરેલી અલ્ટો કાર ઝડપી

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા પોલીસે બુધવાર સાંજના પેટ્રોલીંગ દરમ્યાન અલ્ટો કારને ઝડપી ૧,૧૫૦૦૦ના દારૂ સાથે રૂ. ૧૬૧૮૦ના મુદ્દામાલ સાથે બે ઈસમને ઝડપી પાડ્યા હતા.



ખેડબ્રહ્મા પોલીસે દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવતા ખેડબ્રહ્મા તાલુકામાં આવતા દારૂ પર કડક ચેકીંગ હાથ ધર્યુ હતુ. જે આધારે બુધવાર સાંજના પીએસઆઈ એ.પી. દેસાઈ, રાજેન્દ્રસિંહ, સુરેન્દ્રસિંહ તથા સ્ટાફને બાતમીવાળી કાર આવતી જણાઈ. પોલીસે ઉભી રખાવવા જતા કાર ચાલકે ગાડી ભગાવી મુકતા પોલીસે પીછો કરી વરતોલ નજીક કારને ઝડપી પાડી હતી. જેમાંથી બે ઈસમો મહેન્દ્રસિંહ વિક્રમસિંહ ચૌહાણ (ઉમરી-સતલાસણા), પ્રવિણસિંહ વખતસિંહ વાઘેલા (રામનગર-દાંતીવાડા)ને ઝડપી પાડી અલ્ટો ગાડી નં. જીજે.૨.બીડી.૬૫૬૯માંથી ૨૦ પેટી ઈંગ્લિશ દારૂ રૂ. ૧,૧૫૦૦૦ એક મોબાઈલ ૧૦૦૦ રૂ., રોકડા રૂ. ૧૮૦ તથા ગાડી ૨ લાખ મળી કુલ ૩૧૬૧૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# પેથાપુરમાં ટપાલ વિતરણની કામગીરીમાં નિષ્કાળજી

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામે પોસ્ટ ઓફિસ ગાયકવાડ સરકારથી કાર્યરત છે. છતાં ઘણા લાંબા સમયથી પોસ્ટમેનની જગ્યા ખાલી છે. પચ્ચીસ હજારની વસ્તી વાળા શહેરમાં ટપાલની વિતરણ માટે કાયમી પોસ્ટમેનની જગ્યા ભરાતી નથી. પેથાપુર નગરપાલિકા ધરાવતુ શહેર છે. રોજમદાર પોસ્ટમેન કોઈને ટપાલો આપવા જતો જ નથી. ચરેડી વિસ્તારમાં રોજમદાર પોસ્ટમેન આવતો નથી. પેન્શનરોનું માષિક પત્ર, પેન્શનર જગત, રોજગાર સમાજ કોઈને મળતા જ નથી. પોસ્ટમાસ્તરને રૂબરૂ લેખિત રજુઆતો કરવા છતાં ધ્યાન અપાતુ નથી.

# ઈવીએમની સાથે વીવીપેટ અથવા બેલેટ પેપરનો ઉપયોગ ચૂંટણીમાં કરો: ગુજરાત અધિકાર મંચ

ગુજરાત રાજયમાં આગામી સમયમાં વર્ષ ૨૦૧૭ વિધાનસભાની ચુંટણીઓ ગમે ત્યારે યોજાય તેવી પરિસ્થિતિ છે. ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી ચુંટણી પ્રક્રિયા સામે શંકાની દ્રષ્ટ્રિથી ભારતના નાગરીકો જોવે છે. તેવી સ્થિતિમાં ભારતભરમાં વિરોધ પક્ષ દ્વારા ભારે હોબાળો મચાવી વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં યોજાનારી ચુંટણી બધી શંકા-કુશંકાઓથી પર થાય અને લોકશાહી ના મુલ્યો જળવાય તે માટે આગામી દરેક ચુંટણીમાં ઈવીએમની સાથે વીવીપેટ (વોટર વેરિફાઈએડ પેપર ઓડિટ ટ્રેઈલ)થી અથવા બેલેટ પેપરથી કરવામાં આવે તેવી માંગ સાથે શહેરની સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે એકઠા થયેલા ગુજરાત અધિકાર મંચના કાર્યકરોએ ચુંટણીના મુખ્ય નિર્વાચીન અધિકારીને આવેદન પત્ર આપી રજુઆત કરી છે. અમેરીકા, જર્મની, જાપાન, આર્યલેન્ડ, કેલિફોર્નિયા સહિત મોટાભાગના દેશો ઈવીએમ હટાવી ચુકયા છે. તો ભારતમાં પણ ચુંટણી પંચે લોકશાહીના મુલ્યો જળવાય અને પ્રજાજનોને ન્યાયિક પરિણામો મળે તે માટે ઈવીએમ હટાવવા જોઈએ અથવા તો ઈવીએમ અને વીવીપેટ દ્વારા ચુંટણી યોજાય તે દિશામાં નક્કર કામગીરી થાય તેવું કરવું જોઈએ. ગુજરાત રાજયમાં આગામી સમયમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાનાર છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી ભારતના વિવિધ રાજયોમાં યોજાઈ ગયેલ ચુંટણીઓના આવી ગયેલા પરિણામ સામે ભારતભરમાં શંકા કરવામાં આવી રહી છે. લોકશાહી પ્રક્રિયામાં પારદર્શક ચુંટણીઓ યોજાય તે અત્યંત જરુરી બન્યું છે. ત્યારે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે ગુજરાત અધિકાર મંચના કાર્યકરો એકઠા થયા હતા અને આગામી વિધાનસભાની ચુંટણીઓ ઈવીએમ અને વીવીપેટ, બેલેટ પેપર (વોટર વરિફાઈડ પેપર ઓડિટ ટ્રેઈલ)થી કરવા ચુંટણીના મુખ્ય નિર્વાચીન અધિકારીને આવેદનપત્ર આપી રજુઆત કરી છે.

# જુસિકા દ્વારા દેહદાન સ્વિકારાયુ

શ્રીમતી લીલાવતીબેન વી. પંડ્યા ઉં.વ. ૭૫નું તા. ૧૩મી એપ્રિલના રોજ દુઃખદ અવસાન થતા તેમના દેહનું દેહદાન એસ.બી. રાવલ અને તેમના કુટુંબીજનો દ્વારા જુનીયર સીટીઝન કાઉન્સિલરે સ્વીકાર્યુ હતુ. ગાંધીનગર મેડીકલ કોલેજને મેડીકલ કોલેજના ડૉ. શેરીન પઠાણ તથા જુસીકાના કાર્યકર હિતેશભાઈ રાવલ તથા દિનેશભાઈ દવે, ગણપતભાઈ મકવાણાએ સ્વીકારેલ હતુ. ૩૭, સિદ્ધિવિનાયક પાર્ક સરગાસણ ગાંધીનગર ખાતે દેહદાન સ્વીકારવામાં આવેલ હતુ.

## ફૂંકી મરાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ હજાર કિલોના મધર ઓફ ઓલ બોમ્બ તરીકે ગણાતો પ્રચંડ અને મહાકાય બોમ્બ ઝીંકવામાં આવ્યો હતો. જેમાં ૪૦થી વધુ ત્રાસવાદીઓના મોત થયા છે. મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહયા છે. આ હુમલામાં કોઈપણ નાગરિકના મોતના અહેવાલ મળ્યા નથી. આ હુમલાને લઈને વિશ્વના દેશોમાં ચર્ચાઓનો દોર શરૂ થયો છે. અફઘાનિસ્તાનના અધિકારીઓએ કહ્યું છે કે અમેરિકાએ ઝીંકેલા જીબીયુ-૪૩/બી (મૈસિવ ઓર્ડિનન્સ એરબ્લાસ્ટ) બોમ્બથી ત્રાસવાદીઓના છુપાવવાના અડ્ડાને ફૂંકી મારવામાં આવ્યો હતો. પૂર્વીય અફઘાનિસ્તાનમાં થયેલા આ હુમલા અંગે વિદેશ મંત્રાલયે કહ્યું છે કે આ બ્લાસ્ટથી આઈએસના ત્રાસવાદીઓના અડ્ડાઓ નષ્ટ થઈ ગયા છે. ૪૦થી વધુ ત્રાસવાદીઓના મોતના અહેવાલ મળ્યા છે. આંકડો ખુબ વધારે હોઈ શકે છે. એમઓએબી નામથી આ બોમ્બને ઓળખવામાં આવે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકા સેનાને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે જેને લીધે સફળ પરિણામ મળી રહ્યા છે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે છેલ્લા આઠ સપ્તાહમાં જે કંઈપણ સફળતા મળી છે તેની તુલના છેલ્લા આઠ વર્ષ સુધી કરવામાં આવે તો ખૂબ અંતર જોઈ શકાય છે. સિરિયામાં કેમિકલ હુમલા થયા બાદથી ડોનાલ્ડ ટ્રમ્પે હુમલાનો આદેશ કર્યો હતો.

ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ છે કે આ હકીકતમાં એક જોરદાર ઓપરેશન રહ્યુ છે. અમને સેના પર ગર્વ છે. આના કારણે ઉત્તર કોરિયાને કોઈ સંદેશ મળે છે કે કેમ તે અંગે તેઓ કોઈ વાત કરવા ઈચ્છુક નથી. તેમણે કહ્યુ હતુ કે ઉત્તર કોરિયા પહેલાથી જ એક મોટી સમસ્યા તરીકે છે. આ સમસ્યાનો ઉકેલ પણ શોધી કાઢવામાં આવનાર છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ સીન સ્પાઈસરે કહ્યુ હતુ કે બોમ્બ અફઘાનિસ્તાનમાં સ્થાનિક સમય મુજબ આશરે સાત વાગ્યે ઝીંકવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે અમેરિકાને જવાબ આપવા માટે રશિયાએ ફાધર ઓફ ઓલ બોમ્બ બનાવ્યો હતો.

## રજા બંધ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂણ્યતિથિ પર બાળકોને તેમના સંદર્ભમાં દર્શાવવામાં આવશે નહીં તો તેમને આદર્શોથી વાકેફ કઈ રીતે કરવામાં આવશે. જેથી રજાઓની પરંપરાને બંધ કરવાની જરૂર છે. આવા પ્રસંગ પર સ્કુલ ખુલ્લા રહેશે અને એક બે કલાકના ખાસ સત્ર આયોજિત કરવામાં આવશે. જેમાં સંબંધિત મહાપુરૂષના સંદર્ભમાં માહિતી આપવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં સ્કુલોમાં ૨૨૦ દિવસના શૈક્ષણિક સત્ર રજાઓના પરિણામ સ્વરૂપે ૧૨૦ દિવસના થઈ ગયા છે. રજાઓની આવી પરંપરા જારી રહેશે તો એક દિવસ એવો આવશે કે સ્કુલો માટે કોઈ કાર્ય દિવસ રહેશે નહીં. ઉત્તરપ્રદેશમાં રાજનીતિના નામ ઉપર હજુ સુધી ૪૨ રજાઓ જાહેર કરવામાં આવી ચુકી છે. તેમાં ૧૭ રજાઓ એવી છે જે સીધી રીતે જાતિય ગણતરી ઉપર આધારીત છે. રજાઓના મામલામાં ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ નંબર પર છે. જો આ રજાઓમાં બાવન શનિવાર અને રવિવારને જોડી દેવામાં આવે તો ૧૪૬ દિવસ સરકારી ઓફિસો બંધ રહેશે. આમાં કર્મચારીને મળનાર ૧૫ અર્ન્ડ લીવ અને ૧૪ કેઝ્યુઅલ લીવ સામેલ કરાય તો આશરે ૧૭૫ દિવસની રજા થઈ જાય છે. આવી સ્થિતિમાં કર્મચારીને છ મહિના ઓફિસ જવાની જરૂર રહેતી નથી. રજાઓ ઉપર કાતર ફેરવવાની તૈયારી કરી લેવામાં આવી છે.

## ૧૧ ટીએનટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નંગરહારના જે વિસ્તારમાં આ બોમ્બ ઝીંકાયો હતો ત્યા ૩૦૦ મીટરનો ખાડો પડી ગયો છે. એમઓએબી બોમ્બના જાળીદાર પંખા લાગેલા હોય છે જે ઝીંકવામાં આવ્યા બાદ હવામાં તેના વજનને નિયંત્રણમાં કરે છે. આ બોમ્બ એટલો મોટો અને મહાકાય છે કે તેના માત્ર મોટા વિમાનથી જ ઝીંકવામાં આવે છે. આ બોમ્બને પેલિટ ઉપર મુકવામાં આવે છે. વિમાનથી બોમ્બને બહાર કાઢવા માટે પેલિટનો પેરાશૂટની મદદથી ઝીંકવામાં આવે છે. પેરાશૂટ દ્વારા પેલિટને ખેંચવામાં આવ્યા બાદ બોમ્બ તેનાથી અલગ થાય છે અને પોતાના ટાર્ગેટ ઉપર પડે છે. સેટેલાઈટની મદદથી આને આંશિક રીતે નિર્દેશિત કરવામાં આવે છે. આને જમીનથી આશરે છ ફૂટ ઉપર બ્લાસ્ટ કરવામાં આવે છે. જેથી નુકસાનની હદ વધુને વધુ વિસ્તારમાં રહે. આ બોમ્બને ઝીંકવાનો હેતુ મોટા લક્ષ્યાંકોને તોડી પાડવાનો હોય છે. સાથે સાથે દુશ્મનોના ભંડારોને નષ્ટ કરવાના ઈરાદા સાથે આને ઝીંકવામાં આવે છે. આનો બ્લાસ્ટ ૧૧ ટીએનટી બોમ્બના બ્લાસ્ટની બરોબર હોય છે. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના હીરોસીમા ઉપર જે ન્યુક્લિયર બોમ્બ ઝીંકવામાં આવ્યા હતા તેમાં ૧૫ ટીએમટી વિસ્ફટોક હતા. એમઓએબીને થર્મોબેરીક કેટેગરીના બોમ્બ તરીકે ગણવામાં આવે છે. તેમાં એચ-૬ વિસ્ફોટક હોય છે. જેમાં એલ્યુમિનિયમ હોય છે. આમાં બે સ્ટેજમાં બ્લાસ્ટ થાય છે. પ્રથમ બ્લાસ્ટમાં જ્વલનશીલ એલ્યુમિનિયમની ધૂળ ફેલાઈ જાય છે. બીજા બ્લાસ્ટ સુરંગથી ઓક્સિજનને ખેંચી લે છે. બંને બ્લાસ્ટથી સુરંગની અંદર ભારે નુકસાન થાય છે.

## આધાર-પે-એપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડાઉનલોડ કરવા માટે પ્રેફર કરવાની સ્થિતિમાં ૧૦ રૂપિયાનું ઈનામ આપવાની પણ જાહેરાત કરી હતી. ડૉ.ભીમરાવ આંબેડકરની દિક્ષા ભૂમિ ગણાતા નાગપુરમાં મોદીએ કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ ભીમ એપથી કોઈ વ્યક્તિને જોડે છે તો સંબંધિત વ્યક્તિ તરફથી ત્રણ લેવડ દેવડ કરવામાં આવ્યા બાદ જોડનાર વ્યક્તિના ખાતામાં ૧૦ રૂપિયા જમા થઈ જશે. આ સ્કીમ આ વર્ષે ૧૪મી ઓકટોબર સુધી જારી રહેશે. ભીમ આધાર એપ માટે ફોન અને બેન્ક કાર્ડની જરૂર રહેશે નહીં. આના માટે સાક્ષર રહેવાની બાબત પણ જરૂરી નથી. કોઈપણ કસ્ટમરના પેમેન્ટ હાંસલ કરવા માટે મર્ચન્ડના આધારકાર્ડ અને અંગુઠાના નિશાને પુરતા ગણવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે ભીમ એપને રોકી શકાય નહીં. જો કેશલેસ ઈકોનોમી એક રથ છે તો ભીમ એપ તેના સારથી તરીકે છે તેને રોકી શકાય નહીં. મોદીએ એમ પણ કહ્યું હતું કે હવે એવા દિવસો આવનાર છે જ્યારે લોકોના ખિસામાં પૈસા રહેશે નહીં અને આવા લોકો તમામ જગ્યાઓએ દેખાશે. મોદીએ કહ્યું હતું કે એક

ડીજી ધન મુવમેન્ટ એક પ્રકારના સફાઈ અભિયાન તરીકે છે. ભ્રષ્ટાચાર સામે લડત પણ છે. ભીમ આધાર ઉપયોગી સાબિત થનાર છે. પહેલાથી જ ૨૭ મોટી બેંકો આ પ્લેટફોર્મ સાથે જોડાઈ ચુકી છે. ૩૦૦,૦૦૦ વેપારીઓ ડિજીટલ પેમેન્ટ સ્વીકાર કરવાની શરૂઆત કરી ચુક્યા છે. મોદીએ ભીમ-કેશબેક અને રેફરલ બોનસ માટે સ્કીમ પણ શરૂ કરી હતી. આવાસ યોજનાના સંદર્ભમાં પણ મોદીએ વિસ્તારપૂર્વક વાત કરી હતી. ભીમ એપથી લેવડ દેવડ પર વેપારીને ૨૫ મળશે. ભીમ એપથી એક વ્યક્તિને જોડવા પર ૧૦ રૂપિયા મળશે. જે વેપારી આને પોતાને ત્યાં લાગુ કરશે તેને ૨૫ રૂપિયા મળશે.

## મૂલ્યાંકનની કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રશ્નોના ઉત્તર તેમને આપવામાં આવેલા પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે. ૪૦ ગુણના મૂલ્યાંકન માટે બે કલાકનો સમયગાળો બાળકને આપવાનો રહેશે. આજથી શરૂ થતા સત્રાંત મૂલ્યાંકનનું કાર્ય ૨૨મી એપ્રિલ સુધી ચાલશે. પ્રા. શાળાઓમાં ૧લી મે થી વેકેશનનો આરંભ થશે અને ૪-૬-૧૭થી નવા સત્રનો પ્રારંભ થશે તેમ પણ શિક્ષણ સમિતિએ આ અંગે કરેલા પરિપત્રમાં જણાવ્યું છે.

## ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

'બા' નો મુક્તિનો સમય આવી ગયો એ જાણીને તેમણે જ 'બાપુ'ને બોલાવ્યા હતા. 'બા'ને પ્રિય એવું 'હરિને ભજતા હજુ કોઈની લાજ જતા નથી જાણી રે' - ભજન સાથીઓએ ગાવાનું શરૂ કર્યું અને થોડી મિનિટોમાં જ 'બા' શાંત થઈ ગયા.

દેવદાસભાઈ લખે છે કે આગાખાન જેલમાં નજરકેદની સજા ભોગવી રહેલા એક સાથીએ કહ્યું હતું, 'બા એવી રાહ જોતા હતા કે બધા ભોજન કરી લે'. નજરકેદની સજામાં દિવસનું અંતિમ ભોજન સાંજે ૬ વાગે થતું હતું. બાએ તેમનો દેહ સાંજે ૭ અને ૩૫ મિનિટે મૂક્યો હતો. જીવનની અંતિમ ક્ષણે પણ મુક્તિ ઈચ્છતા હોવા છતાં મોતને થોડું દૂર હડસેલ્યું. બીજાનું ધ્યાન રાખવાનું આવું શ્રેષ્ઠ ઉદાહરણ 'બા' એ પૂરું પાડ્યું છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)